૧૨૬૨

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# હરિશ્ચંદ્ર

1600096



સંપાદન:

ગિજુભાઈ

તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# હરિશ્ચંદ્ર

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ
૧૩૭

☆

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ–૨ ● અમદાવાદ–૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
બ્રાન્ચ : ગાંધી રોડ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણ દસમું : જુલાઈ ૧૯૬૫

મૂલ્ય પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
પુસ્તક ૬૭ મું

# હરિશ્ચંદ્ર

: ૧ :

દેવોનો રાજા ઇંદ્ર ઇંદ્રલોકમાં સોનાને સિંહાસને સભા ભરીને બેઠો છે. સ્વર્ગના દેવો પધારેલા છે; પૃથ્વીલોકના ઋષિમુનિઓ પણ આવેલા છે; ગંધર્વ, યક્ષ, કિન્નર એકપગે ખડા છે. મેનકા અને રંભા નામની અપ્સરાઓ મધુર કંઠે ગાનતાન કરી રહી છે. મુનિ નારદજી પોતાનો તંબૂર બજાવી રહ્યા છે. સભામંડપ અગરુ-ચંદનના ધૂપથી મહેકી રહ્યો છે. ચોદિશ મણિમાણેકના અખંડ દીવાઓનું તેજ ઝળહળી રહ્યું છે. આ દેવોનો રાજા ઇંદ્ર સ્વર્ગલોકમાં સોનાને સિંહાસને સભા ભરીને બેઠેલો છે.

એકાએક ઇંદ્રે સવાલ પૂછ્યો : “ છે કોઈ એવો પૃથ્વી પરનો મનુષ્ય, જે જીવ જાય પણ

સાચ ન છોડે? જે દીધેલું વચન ન જ તોડે? જે એક પણ બોલ ન કાઢે?"

ગાનતાન બંધ પડી ગયાં; સભા આખી થંભી ગઈ. સૌએ એકબીજાની સામે જોયું. કોણ હશે એવો પૃથ્વીલોકમાં માનવી?

એક ખૂણેથી ગંભીર અવાજ આવ્યો: "છે મહારાજ! પૃથ્વીના પડ ઉપર એવો એક માણસ છે જે કદાપિ જૂઠું વચન નહિ કાઢે. કદાપિ ખોટું વચન નહિ આપે, કદાપિ આપ્યું વેણ નહિ લોપે. છે એવો એક માણસ. એનું નામ છે હરિશ્ચંદ્ર. અયોધ્યા નગરીનો એ રાજા છે." હરિશ્ચંદ્રના કુલગુરુ વસિષ્ઠ આટલું બોલી મૂંગા રહ્યા.

સભા આખી ગર્જી ઊઠી: "ધન્ય છે હરિશ્ચંદ્રને! ધન્ય છે એનાં માતપિતાને! ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે!"

આંખો જેની લાલ હતી, ક્રોધથી જેના હોઠ ધ્રૂજતા હતા, જેનાં અંગેઅંગ કંપતાં હતાં, એવા વિશ્વામિત્ર ઋષિ ભભૂક્યા: "ઓ વસિષ્ઠ! શરમા, શરમા! દેવોની સભામાં જૂઠાણું? જાણ્યું

છે કોઈએ કે રાજાઓ સત્ય ભાખે ? સાંભળ્યું છે કોઈએ કે મનુષ્યો સત્ય સેવે ? અરેરે ! હરિશ્ચન્દ્રનો કુલગુરુ થયો તેથી શું ખોટાંખોટાં વખાણ કરવાં ? ”

સભા આખી હબકી ગઈ. વિશ્વામિત્રનો ક્રોધ ! વિશ્વામિત્રનો કંપ ! વિશ્વામિત્રની વાણી !

વસિષ્ઠે જવાબ આપ્યો : “ અરેરે વિશ્વામિત્ર ! ક્રોધ તને ભુલાવે છે. હરિશ્ચન્દ્રને તેં જાણ્યો નથી. રાજાનો એ મુગટ છે. એની રાણી તારામતી, એનો પુત્ર રોહિત : અરે, એ ત્રણે જણાં પૃથ્વીલોકનું સ્વર્ગ છે, પૃથ્વીલોકની એ ગંગા છે. ”

“ બસ કર ! બકવાદ તારો બંધ કર ! જાણું છું એ હરિશ્ચંદ્રને, અને જોઈ લઈશ હું એને. ફરી ફરીને હું કહું છું અને કહ્યા કરીશ કે પૃથ્વી પર કોઈ સતિયો નથી : ને હરિશ્ચંદ્ર તો નથી જ નથી ! ”

વીનયથી, ધીરજથી હસતાં હસતાં વસિષ્ઠે ઉત્તર આપ્યો : “ ભલે ત્યારે મહારાજ એની પરીક્ષા કરો. અને સાક્ષી રહેજો આ સ્વર્ગના

દેવો ! કદી હરિશ્ચંદ્ર જૂઠું વદે, એક વાર પણ જૂઠું વદે, તો વસિષ્ઠ એનું તપ હારે; બ્રાહ્મણ-પણું છોડી દે; રાતદિવસ વન સેવે.''

વિશ્વામિત્ર સળગી ઊઠ્યા: ''બહુ થયું ! ધારે છે કે હું એમ ડરી જઇશ ? યાદ રાખ, હરિશ્ચંદ્રને હું હઠાવી દઉં. એક વાર નહિ, બે વાર નહિ, પણ વારંવાર જૂઠો કરું. અને ઓ દેવો ! સાક્ષી રહેજો આ ઋષિના. વસિષ્ઠ જો હારે છે તો બ્રાહ્મણપણું ખુએ છે. પણ વિશ્વા-મિત્ર જો કદી હારે તો, અરે એ હારે જ નહિ, પણ જો કદાપિ હારે, તો પોતાના તપે હરિ-શ્ચંદ્રને એ સ્વર્ગ અપાવશે; અરે ઇંદ્રાસન અપાવશે ! અરે, એથી પણ વધશે; હરિશ્ચંદ્રને પોતાની સર્વ શક્તિ દઇ દેશે !''

હાહાકાર થઈ રહ્યો ! ઇંદ્ર સુધ્ધાં હબકી ગયો : ''ગજબ થયો ! વિશ્વામિત્રે પણ લીધું ? ક્ષત્રિયકુળના ક્રોધમૂર્તિ વિશ્વામિત્રે ?''

રંગમાં ભંગ પડ્યો. અને શોકમુખે સભા આખી વીંખાઈ.

: ૨ :

રાજા હરિશ્ચંદ્ર અયોધ્યાનો રાજા છે. રાજ સભામાં બેઠા છે; પ્રજાજનો બેઠાં છે. રાજકાજ ચાલે છે.

"રાજન્! કોઈ ઋષિ પધારે છે."

હરિશ્ચંદ્ર ઊભા થયા. આંગણા સુધી સામે ગયા. પગને સ્પર્શી આશિષ માગી. આગળ ચાલી આસને આવ્યા. ઋષિ વિશ્વામિત્રને રાજ-ગાદીની પાસે જ બેસાડ્યા.

પધારો ઋષિજી! જણાવો, કેમ આપ પધાર્યા છો? શી આપની ઇચ્છા છે?"

"રાજન્! રાજાઓમાં તું શ્રેષ્ઠ છે. ઋષિ-ઓને તું વહાલો છે. સંતોષ છે. ને સુખ છે. વનઉપવનો બધાં રક્ષિત છે. આશીર્વાદ છે, રાજન્! એક માગણી કરવા આવ્યો છું."

"આજ્ઞા, મહારાજ!"

એક કરોડ સોનામહોર જોઈએ. મહા-યજ્ઞ આરંભવો છે. એટલી માગણી તારી પાસે. આપી શકશે હરિશ્ચંદ્ર?"

રાજાહરિશ્ચંદ્રનું વચન: સત્યવાદીનું વચન. આપ્યું પાછું કેમ ફરે?

"હા મહારાજ! સોનામહોરો તૈયાર છે. એક કરોડ ને ઉપર એક સો એક રૂપાને થાળે મંગાવું? આશ્રમ સુધી પહોંચાડું?"

મનમાં ઋષિ સમજી ગયા. "છે તો રાજા સત્યાવાદી; ટેક છોડાવવી એ સહેલું નથી." કહ્યું: "ના રાજન્! હમણાં એ અહીં રાખો. જરૂર પડતાં માગી લઈશ."

"ઇચ્છા ઋષિજીની."

વિશ્વામિત્ર પાછા ગયા. બળતા બળતા પાછા ગયા. યુક્તિ શોધતા પાછા ફર્યા. કેમ કરીને જૂઠો પાડું? કેમ કરીને મારું પણ પાળું?

: ૩ :

તપના બળનો ઉપયોગ કર્યો. તપોબળે પશુ બનાવ્યા: જંગલી અને ઘાતકી એવાં. સેંકડો અને હજારો.

ચારેકોર બૂમરાણ: "જંગલી પશુઓ મારે છે; ઢોરઢાંખરને મારે છે; ગોવાળોને મારે છે;

રખોપાને મારે છે, કાપે છે, ભાંગે છે, ખૂંદે છે, ખાય છે! પાક બધો છૂંદી નાખ્યો; ઝાડ બધાં ભાંગી નાખ્યાં; ફળફૂલનો નાશ કર્યો! વહારે ચડો, વહારે ચડો!"

રાજા હરિશ્ચંદ્ર વહારે ચડયા. વનપશુઓને મારી નાખ્યાં; સિંહ-વાઘને ઠાર કર્યાં; ડુક્કર-ગેંડાને ભેદી નાખ્યા; વાઘ-ચિત્તાને જેર કર્યા. વનમાં પાછી શાંતિ થઈ ગઈ.

શિકાર પૂરો થયો ને શિકારીઓ પાછા ફર્યા. રાજારાણી વસિષ્ઠ ઋષિના આશ્રમે ગયાં.

કુલગુરુને પગે લાગ્યાં. વસિષ્ઠ મુનિએ આશિષ આપી. સાથે ઉપદેશ દીધો: "રાજ ભણી પધારો. જોજો, રસ્તે ઋષિ વિશ્વામિત્રને આશ્રમે ન જતા."

"જેવી આજ્ઞા, જેવી ઇચ્છા!"

: ૪ :

આ બાજુ વિશ્વામિત્ર વિચાર કરે છે: "કેવી રીતે હરિશ્ચંદ્રનું રાજ મુકાવું? વન-પશુઓને ઠાર કર્યાં, પ્રજાજનની પીડા ટાળી.

હવે કઈ યુક્તિ રચશું? હા હા; એક નહિ ને અનેક છે. ચાલો ત્યારે એમ કરીએ."

હરિશ્ચંદ્ર અને તારામતી રથમાં બેસી ચાલ્યાં આવે છે. વન-ઉપવનની શોભા સુંદર છે; મનહર પક્ષીઓ બોલે છે.

"પણ અરે આ પેલું હરણ તો જુઓ. કેવું સુંદર છે! કેવું નાજુક! કેવું સરસ!"

કુંવર હરિશ્ચંદ્રને વીનવે છે: લાવી દો ને એ હરણને? મારે એને પાળવું છે. કેવું એ સુંદર છે!"

અને રાજાએ રથ હાંકી મૂક્યો. મોઢા આગળ હરણ અને પાછળ રાજા. વને વને હરણ ભટકે છે ને પાછળ રથ ઘૂમે છે. આગળ હરણ ને પાછળ હરિશ્ચંદ્ર લગોલગ, લગોલગ; આ પકડાયું, આ પકડાયું! પણ અરે, આ તો અળફૂહળફૂ! હરણબરણ ક્યાં ગયું?

રાજા, રાણી અને રોહિત અત્યારે ક્યાં હતાં? વિશ્વામિત્રના આશ્રમ પાસે આશ્રમના આંગણામાં. હરણ તો હતું માયાવી; વિશ્વામિત્રે જ એને મોકલ્યું હતું.

" અરેરે ! વસિષ્ઠ મુનિએ ના પાડી હતી ને આપણે તો અહીં જ આવી ચડ્યાં ! "

" હરિ હરિ ! જેવી ભગવાનની ઇચ્છા ! "

" ચાલો ત્યારે પાછાં નગર ભણી. "

જરા થાક ઉતારીને જઈએ. તડકો જરા નમવા દઈએ. "

સુંદર જળાશય પાસે રથ ઊભો હતો. મંદ મધુર પવન વાતો હતો પક્ષીઓ મધુર કંઠે ગાતાં હતાં. રોહિત કુંડે કુંડે ફરતો હતો ને રંગબેરંગી માછલીઓ જોતો હતો.

તારામતીની આંખે ઊંઘ આવી ન આવી ને ઊડી ગઈ. હબકી જઈને એ બોલી ઊઠી : " અરે ! એમ કેમ થયું ? રાજાના મુગટને કોણે પાડ્યો ? રાજાનું અપમાન કોણે કર્યું ? અરે, રાજ કોણે લીધું ? "

" ના ગભરાઓ, તારામતી ! એ તો માત્ર સ્વપ્ન હતું. " હરિશ્ચંદ્ર તારામતીને ધીરજ આપે છે; ધીરે ધીરે ભય મટાડે છે; માથે ને વાંસે હાથ ફેરવે છે. મનમાં જવાનો વિચાર કરે છે ને રથ જોડવાની આજ્ઞા આપે છે. ત્યાં

વળી આ કોણ આવ્યું ?

આ તો કોઈ કન્યાઓ લાગે છે; સુંદર વીણાઓ હાથમાં છે, અંબોડે કમળ ખોસ્યાં છે અને ગળે ફૂલની માળા છે.

સાંભળજો રાજા, વીણાસૂર સાંભળજો. સાંભળ્યા પછી જવાશે.”

રથ ઊભો રહ્યો. રાજા અને રાણી વીણા સાંભળવા રોકાયાં.

કન્યાઓએ વીણાના તાર છેડ્યા. ચોદિશ મીઠા સંગીતથી ભરાઈ ગઈ. રાજા હરિશ્ચંદ્ર પ્રસન્ન થયા.

લ્યો આ મારા ગળાનો રત્નજડિત હાર, ને આ મારો માણેકજડ્યો બાજુબંધ.”

“ના રાજા; એ અમારે નહિ જોઈએ. અમે તો માગીએ છીએ પેલું રાજછત્ર; ધોળું ચાંદની જેવું આપનું રાજછત્ર.”

“રાજછત્ર! વનકન્યાઓ રાજછત્ર માગે છે? કેવી વિચિત્ર માગણી? રાજાથી એ કેમ અપાય? રાજ એટલે જ રાજછત્ર, ને રાજછત્ર એટલે જ રાજ.” હરિશ્ચંદ્રના મનમાં આવા

વિચારો આવી ગયા.

હરિશ્ચંદ્રે કહ્યું: "વનકન્યાઓ! રાજછત્ર ન મગાય, લ્યો આ હાર અને પાછી જાઓ.

"ના, તો તમે અમને પરણો. કાં રાજ-છત્ર આપો ને કાં તો અમને પરણો."

રાજા હરિશ્ચંદ્ર દિંગ થઈ ગયો! "શી એની આ માગણી! કેવી એની આ ઉદ્ધતાઈ! કેવી એની આ હલકાઈ! માતંગ કન્યાઓને પરણવું?"

પણ રાજાને ખબર ન હતી કે આ કામા વિશ્વામિત્રના હતા. એણે એમને મોકલી હતી; એણે એમને આવું શીખવ્યું હતું. વિશ્વામિત્રને હરિશ્ચંદ્રનું સત લેવું હતું.

કેમ રાજન્! શું કહો છો? શો જવાબ છે? પરણો છો કે રાજછત્ર આપો છો?"

હરિશ્ચંદ્રથી ન રહેવાયું. તેનામાં ક્રોધ પેઠો ને બનવા કાળે બની ગયું. પાસે જ એક લાકડી પડી હતી. રાજાએ તે લીધી ને માતંગ કન્યાને મારી.

બસ, એટલું જ જોઈતું હતું. ધુંધવાતો

અગ્નિ જેમ બહાર નીકળે તેમ ઝાડની ઘટા પાછળથી વિશ્વામિત્ર બહાર આવ્યા. "રે દુષ્ટ! રે પાપી! રે અધમ! આ ગરીબ બિચારી માતંગ કન્યાઓ પર હાથ ઉપાડતાં શરમાતો નથી? અને આ આશ્રમમાં તારાથી કેમ અવાય? કોને પૂછ્યું? ને આ જળ કેમ પિવાય? કોની રજા લીધી? આ છાંયામાં કેમ બેસાય? કોની આજ્ઞા? હરિશ્ચંદ્ર! નથી જાણતો કે આ આશ્રમ ઋષિ વિશ્વામિત્રનો છે? વિશ્વામિત્રને પૂછ્યા વિના કેમ અવાય? એની આ કન્યાઓને કેમ મરાય?"

"ક્ષમા, ક્ષમા કરો મહારાજ! હું અજાણ્યો છું. અજાણ્યાને માફ હોય, મહારાજ! ક્રોધ ના કરો."

"ક્ષમા જોઈએ છે? એક જ શરતે ક્ષમા મળશે. આ માતંગ કન્યાઓને પરણ ને એને રાણીઓ. કર. બસ, તો જ તને માફી મળે. નહિતર...."

"ના, મહારાજ! મારાથી એ નહિ બને. હું ક્ષત્રિય છું. માતંગ કન્યાને કેમ પરણું?

મારા ધર્મને કેમ ચૂકું? મહારાજ! ક્ષત્રિયો ધર્મને માટે જીવે છે ને ધર્મને માટે મરે છે. કહો તો રાજપાટ હારી જાઉં, જિંદગી આખી હારી જાઉં, પણ ધર્મને હું કેમ ચૂકું?"

"એમ? ધર્મ તને વહાલો છે, ખરું? ત્યારે તો ધર્મ ખાતર રાજપાટ હારી જા. અયોધ્યાનું રાજ આપી દે. ભલે, તારો ધર્મ તું સાચવજે ધર્મ તારું ભલું કરશે."

હરિશ્ચંદ્ર હાથમાં પાણી લઈ વિશ્વામિત્રને અયોધ્યાનું રાજ આપ્યું. "લ્યો મહારાજ! આજથી આ રાજ તમારું ને આજથી ધર્મ હરિશ્ચંદ્રનો."

રાજ તો લીધું પણ વિશ્વામિત્ર મનમાં ને મનમાં હરિશ્ચંદ્રની સ્તુતિ કરવા લાગ્યા. "ધન્ય છે એકવચની ધર્મ પાળનાર રાજા હરિશ્ચંદ્રને! ધન્ય છે એનાં માતાપિતાને!"

હરિશ્ચંદ્ર, તારામતી ને રોહિત રાજ ભણી જતાં હતાં. વિશ્વામિત્રે કહી દીધું: "કાલે રાજમાં આવીશ ને રાજચિહ્ન ધારણ કરીશ. કાલે તમે વનવાસ જજો."

"આજ્ઞા, મહારાજ !"

આમ કહી રાજારાણી ચાલી નીકળ્યાં.

: ૫ :

સભા ભરાઈ છે ને વચ્ચે રાજા હરિશ્ચંદ્ર બિરાજે છે. પાસે જ ઋષિ વિશ્વામિત્રને બેઠેલા છે; રાજ લેવાને આવેલા છે.

હરિશ્ચંદ્ર ઊભા થયા. હસતા હસતા વાણી બોલ્યા : "પ્રજાના એ પ્રિયજનો ! સાંભળજો, અને એ પ્રમાણે આચરજો. હું તમારો રાજા હતો; તમે મારી પ્રજા હતી. મેં તમને સાચવ્યા ને તમે મને સાચવ્યો. તમારું દુઃખ મારું હતું ને મારું દુઃખ તમને હતું. તમારા થકી હું હતો ને મારા થકી તમે હતા. કેટલાં વર્ષો વહી ગયાં : સુખ અને શાંતિનાં, દુઃખ અને અશાંતિનાં.

"આજે તેનો અંત આવે છે; આજે હું છોડી દઉં છું—રાજપાટ છોડી દઉં છું; ધર્મને કાજે છોડી દઉં છું. ક્ષત્રિયને બીજો રસ્તો નથી.

ઋષિને તમે રાજા ગણજો, તમે એની

પ્રજા થજો. સુખશાંતિને વધારજો. મને તમે સંભારજો. મારી ભૂલો વીસરજો.

"પ્રજાજનો! આ તમારા રાજા ને તમે એની પ્રજા."

હરિશ્ચંદ્રે વિશ્વામિત્રને રાજદંડ આપ્યો. ફરફર કરતું રાજછત્ર વિશ્વામિત્રને માથે ફરકવા લાગ્યું.

રાજસભા રડી રહી : આંખોમાંથી નદીઓ ચાલી!

: ૬ :

રાજા, રાણી અને રોહિત વન જતાં હતાં.

અયોધ્યામાં હાહાકાર હતો! નગર આખું વળાવવા આવ્યું હતું.

ડસડસીને એકેએક માણસ રડતું હતું.

"આ પેલા દુષ્ટ ઋષિ દેખાય. કેમ જાણે કાળ આવે છે!"

"શું બોલે છે એ ઋષિ? સાંભળો તો?"

"હરિશ્ચંદ્ર! આ લૂગડાં શું તારાં છે? મૂકી દે, મૂકી દે, વલ્કલ પહેરી લે. તારામતી

ને રોહિતને પણ વલ્કલ પહેરાવી દે.”

“આજ્ઞા, મહારાજ!”

રાજછત્ર વિનાનો, દંડ વિનાનો, ઘરેણાં વિનાનો, વસ્ત્ર વિનાનો, ચાકર વિનાનો રાજા હરિશ્ચંદ્ર, રથ વિનાની, દાસી વિનાની, વલ્કલ-વાળી રાજરાણી તારામતી, પગે પાળો, પગ ઉખરડો, ગોઠિયા વિનાનો, રમકડાં વિનાનો રાજકુમાર રોહિત. આજે સત્યને કાજે ત્રણે જણ વનમાં જાય છે, વસ્તી એમને વળાવે છે.

આંખમાંથી આંસુ સરે છે ને આકાશેથી ફૂલો ખરે છે.

ધન્ય છે રાજા હરિશ્ચંદ્રને! ધન્ય છે એનાં માતપિતાને! ધન્ય છે, ધન્ય છે! સતને કાજે જીવે છે તેને ધન્ય છે!

“અરે વાણી આ કોણ બોલ્યું?”

“એ તો ઋષિ વિશ્વામિત્ર છે!”

“રાજા હરિશ્ચંદ્ર! જાય છે ક્યાં? મારી એક કરોડ સોનામહોરો ક્યાં? જોઈએ ત્યારે દેવાની છે ને?”

વલ્કલ=ઝાડની છાલનું વસ્ત્ર ઉખરડો=ઉઘાડા પગવાળો

"ભંડારોમાં મુકાવી છે, મહારાજ!"

"અરે? એ ભંડાર તો રાજના, વિશ્વામિત્રના. તારો હક્ક હવે નથી રહ્યો. ચૂકવતો જા એ દેવું; ત્યાં સુધી તું બંધનમાં છે."

હરિશ્ચંદ્ર તો સતવાદી! સાંભળો ત્યારે સત્યવાદીએ શું કહ્યું તે. "દેહ વેચીશ, રાણી વેચીશ, પુત્ર વેચીશ; દેવું તમારું ભરી દઈશ. એક માસની મુદત આપો. એક માસે ન ભરું તો હરિશ્ચંદ્રનું સત જાય, હરિશ્ચંદ્રની પત જાય."

લોકો બધા કકળી ઊઠ્યા: "દયા વિનાના આ ઋષિ? ફાટી પડતો કાં નથી? સળગી ઊઠતો કાં નથી? ધરતી ફાટતી કાં નથી? ડુંગર ડોલતા કાં નથી? આભ પડતો કાં નથી?"

: ૭ :

રાજનો ધણી આજે વનમાં છે. મહેલની રાણી આજે જંગલમાં છે. અયોધ્યાથી કાશી સુધીનું જંગલ રસ્તા વિનાનું, માણસ વિનાનું, કાંટા ને ઝાંખરાંવાળું છે; સિંહ ને વાઘ, તથા વરુ અને રીંછવાળું છે. એને વીંધીને હરિશ્ચંદ્ર

અને તારામતી કાશીએ જાય છે.

આજે તો પહેલો દિવસ છે. માથે તીખો તડકો પડે છે; પગમાં કાંટા અને જાળાં લાગે છે. રસ્તા માટે ઘડીક આમ જવું પડે છે ને ઘડીક તેમ જવું પડે છે. બિચારા રોહિતથી ચલાતું નથી. ઘડીક બા તેડે છે અને ઘડીક બાપ તેડે છે. અરેરે! રાજમહેલમાં જ રહેનારાં આ કૂણાં કૂણાં ફૂલોની કેવી દશા છે? પેલા ક્રૂર વિશ્વામિત્રે કેવું કર્યું છે?

અરે, આ તો હજી અધૂરું છે. વિશ્વામિત્રે સાથે નક્ષત્ર નામે છોકરો મોકલ્યો છે: એક કરોડ સોનામહોર લેવા માટે. એ છોકરાને કહ્યું છે: "રસ્તામાં પીડા કરજે. ખોટો ખોટો માંદો પડજે. જેમ તેમ કરી મોડું કરજે. જોજે, ત્રીશ દિવસ પૂરા થાય ને રાજાનું વચન જાય એમ કરજે. બસ, મારે એટલું જ કામ છે."

નક્ષત્ર વારે ઘડીએ પીડા કરે છે. રસ્તે જતાં ધડ દઈને એ હેઠો પડે છે. "આ પડી ગયો રે, આ મરી ગયો રે? પાણી લાવો, પાણી

લાવો ! બ્રાહ્મણનો દીકરો મરી જશે. રાજા, તને પાપ લાગશે !” એમ કરવા લાગે છે.

અત્યારે પાણી ક્યાંથી કાઢવું ? ક્યાંઈ પાણી દેખાતું ન હતું. હરિશ્ચંદ્ર ગભરાઈ જઈ દોડે છે. “હે ભગવાન, હે સત્ય ! લાજ રાખજે. નાહકની મને બ્રહ્મહત્યા લાગશે.”

થોડેક દૂર ચાલ્યો ત્યાં એક મીઠું ઝરણું વહી જતું હતું. હરિશ્ચંદ્રે પાણી ભરી આણ્યું ને નક્ષત્રને પાયું.

બિચારાં ચાલ્યાં જતાં હતાં. થાકતાં હતાં, પાકતાં હતાં, પણ ચાલ્યાં જતાં હતાં. ફળ મળે, ફૂલો મળે, જે મળે તે ખાતાં હતાં ને ચાલ્યાં જતાં હતાં.

એકાએક ચારે કોર અગ્નિ ! “અરે, આ શું ? આખું વન સળગ્યું ? હવે આપણે કેમ ઊગરશું ? વિશ્વામિત્રના દેવાનું શું થશે ?”

તારામતી હરિશ્ચંદ્ર ને રોહિત ક્યાં હતાં ? મૃત્યુના મોંમાં હતાં. હમણાં એ બળી જશે.

બ્રહ્મહત્યા=બ્રાહ્મણને મારવો તે

નક્ષત્ર કકળી ઊઠયો: "અરે ઓ હરિશ્ચંદ્ર! કેમ તને સૂઝતું નથી? આ ઘડીએ બળી મરશું. રાજા! શા માટે હઠ કરે છે? માતંગકન્યાઓને પરણી લે ને? વિશ્વામિત્રનું ધ્યાન ધર, ઋષિજીની માફી માગ. એ આપણુને બચાવશે."

પણ હરિશ્ચંદ્ર સત્યવીર હતો. ભયથી તે કેમ ડરે?" તારામતી! અગ્નિને મારું બલિદાન આપું છું. હું જ અગ્નિમાં પડું છું. અગ્નિ તુરત જ શાંત થશે. બિચારો નક્ષત્ર બચશે ને બ્રાહ્મણને બચાવ્યાનું પુણ્ય થશે."

"જય ભગવાન, જય જગદીશ!" કહીને હરિશ્ચંદ્ર અગ્નિ ભણી દોડે છે. તારામતી રોકે છે ને કહે છે: "રાજન્! અગ્નિમાં જો બળી મરશો તો પછી દેવું કોણ આપશે? કહેશે કે હરિશ્ચંદ્રે વચન તોડયું. હું તમારી રાણી છું; હું તમારું અડધું અંગ છું. જેવા તમે એવી હું. હું જઈને બળીશ. રોહિતને ને વચનને તમે સાચવજો."

અગ્નિ તો પાસે પાસે આવતો હતો; અંગે

બલિદાન=ભોગ

જ્વાળા અડતી હતી. તારામતી હરિશ્ચંદ્રને પગે પડી; રોહિતને એણે બચી લીધી; ભગવાનનું ધ્યાન ધર્યું ને અગ્નિ વચ્ચે ઠેકી!

અહાહા! આ શું? અગ્નિજ્વાળા ક્યાં ગઈ! તારામતી બળી નથી, દાઝી નથી; ઊની આંચ પણ એને લાગી નથી!

વિશ્વામિત્રની એ માયા હતી; પરીક્ષા માટે રચી હતી. સત્યને બળે તારામતી ને હરિશ્ચંદ્ર પરીક્ષામાં પાર ઊતરે છે, અને વિશ્વામિત્ર તો હારતા જ જાય છે. ડગલે ને પગલે હરિશ્ચંદ્રનો જ વિજય થાય છે.

ઋષિ બાજુએ આવી નક્ષત્રને કહી ગયા: "તારામતીને અવળું સમજાવ. તારામતી વિનાનો હરિશ્ચંદ્ર અરધો રહેશે; અરધું બળ તૂટી પડશે. પછી, એ થાકી જશે અને આખરે હારી જશે."

લાગ જોઈને નક્ષત્ર તારામતીને કહે છે: "ઓ રાજરાણી! બ્રાહ્મણના દીકરાનું માનો. આ હરિશ્ચંદ્ર તમને ને રોહિતને કાશીના બજારમાં વેચશે. પૈસા ભરવા ગાય-વછરડાંની જેમ

વેચશે. તમથી એ નહિ સહેવાય. આ કુમળી કાયાવાળા રોહિતને શા સારું દુઃખ દ્યો છો? નાસો. જેણે વચન આપ્યું તે ભલે સહન કરે. તમે પાછાં ફરો ને વિશ્વામિત્રને શરણે જાઓ. એ રાજ પાછું આપશે, રોહિતને ગાદી આપશે; રાજમાતા થજો અને સુખેથી રહેજો."

તારામતીએ મનમાં નિસાસો નાખ્યો: "કેવો નાદાન છોકરો? શી એની શિખામણ? નક્ષત્રને જવાબ આપ્યો: "નક્ષત્ર! મને મારો ધર્મ બહુ વહાલો છે. હરિશ્ચંદ્ર મારા રાજા છે. એના સુખે સુખી ને એના દુઃખે દુઃખી. એ મારો ધર્મ. જ્યાં એ ત્યાં હું, ને હું ત્યાં એ. પ્રાણ જાય પણ હરિશ્ચંદ્રથી અળગી કેમ થાઉં? એના વિના, મારા રાજા વિના રાજસુખને હું શું કરું! નક્ષત્ર? સ્ત્રીને તું કદી આવી શિખામણ ન દેતો. સ્ત્રીના મનને તું નથી જાણતો."

નક્ષત્ર શરમાઈ ગયો. વિશ્વામિત્રની યુક્તિ અફળ ગઈ.

: ૮ :

છેલ્લે દિવસે રાજારાણી કાશી નગરમાં આવી પહોંચ્યાં છે. માત્ર સહેજ જ દિવસ રહ્યો છે. કાં તો રાજા હવે એક કરોડ સોનામહોરો મેળવે અને કાં તો પોતાનું સત હારે.

હરિશ્ચંદ્ર મનમાં ચિંતા કરે છે: "એક જ દિવસમાં આટલા પૈસા કેમ કમાવાય? કોની મારે ઓળખાણ છે કે મારે નામે પૈસા આપે?"

ચિંતા સમજી તારામતી બોલી: "રાજા! એટલી ચિંતા શા માટે કરો છો? ચાલો આપણે વેચાઈએ. સત્યને કાજે વેચાઈએ, પચાસ લાખે તમે ને પચાસ લાખે તારામતી."

અયોધ્યાની રાણીને આજે રાજા શેરીએ શેરીએ, ચૌટે ચાટે ને બજારે બજારે વેચે છે! "લેશો કોઈ આ સ્ત્રી? ખરીદશો કોઈ આ દાસીને? પચાસ લાખની કિંમત છે."

કોની હામ ચાલે છે કે પચાસ લાખ ખરચે?

કાશી આખું કળેળી ઊઠ્યું: "અરેરે! એટલું શું દુ:ખ હશે કે ધણી સ્ત્રીને વેચે છે?

અરેરે એટલું ધન કોણ આપશે ?"

કાલકૌશિક નામે બ્રાહ્મણ હતો: ઘરડો, ચીંથરેહાલ, વળી ગયેલો અને કદરૂપો. પચાસ લાખ હાજર કર્યા ને તારામતીને ખરીદી.

રાણી રાજાની ફરતી ફરી, નીચે વળી પગે લાગી, રોહિત બેટાને બચી લીધી, ને આંસુ ભરી ચાલી નીકળી.

મનમાં મનમાં બોલતી હતી: "હે ભગવાન! રાજાનું સત રાખજે."

ઘરડો ડોસો પાછો ફર્યો ને ગાજી ઊઠ્યો: "ગાય પાછળ વાછરડો ને મા પાછળ દીકરો; પચાસ લાખમાં બેઉ જણાં. નહિ તો મારાં નાણાં લાવો પાછાં."

માદીકરો ચાલી નીકળ્યાં. રાજાની રાણી ને રાજાનો કુંવર આજે ચાકર થયાં. દીકરો, મા અને બાપ ત્રણે સાથે હતાં તે પણ આજે જુદાં પડ્યાં. દેવો ય કકળી ઊઠ્યા: "અરેરે નિર્દય વિશ્વામિત્ર! હજી પણ ? હજી પણ ?"

અરધાં નાણાં મળ્યાં; અરધાં હજુ બાકી છે. હરિશ્ચંદ્ર ઠામ ઠામ ફરે છે. જેને તેને

કહે છે : " લેશો કોઈ આ ચાકરને ? પચાસ લાખ સોનામહોરો માગું છું. કરોડોનો ધણી, રાજનો ધણી, હીરા માણેક ને મોતીનો ધણી, આજે નાણાં માટે જાત વેચે છે, ને કોઈ એને ખરીદતું નથી. "

આખરે એક ચાંડાળે એને ખરીદ્યો. ખરીદ્યો કોઈએ નહિ ને ચાંડાળે ! વેચાયો કોઈને ત્યાં નહિ ને ચાંડાળને ત્યાં ! પણ શાને કાજે ? સત્યને કાજે, ભાઈ ! વચનને કાજે.

પચાસ લાખ બીજા મળ્યા ને એક કરોડ પૂરા થયા. નક્ષત્રને તે આપી દીધા. વિશ્વામિત્રનું દેવું પૂરું થયું.

વિશ્વામિત્ર ઋષિ પાછા પડ્યા. સતિયો સત ન ચૂક્યો.

: ૯ :

અને વિશ્વામિત્ર શું શાણા થયા ? વિશ્વામિત્રે શું જતું કર્યું ?

ના રે ના, હજી તો એ હેરાન કરશે; તાવી તાવીને તાવી નાખશે.

આ તરફ રાણી તારામતી કાલકૌશિકને ત્યાં દાસી છે. મહા દુષ્ટ છે કાલકૌશિક. ને તેથી ય દુષ્ટ છે તેની સ્ત્રી. સવારથી સાંજ સુધી તારામતી કામ કરે, વાસીદું કરે, વાસણ ઊટકે, છાણાં થાપે. રાંધેચીંધે ને એકેએક કામ કરે. કામે કામે શેઠાણી ટોક્યા કરે ને ટોણાં મારે.

ક્યાં રાજાની રાણી ને ક્યાં આ દાસીપણું ? એક વાર તારામતી રાજરાણી હતી; હાં કહેતાં હજાર નોકર હાજર થતા ! આજે એ દાસી છે; જી કહીને જીભ સુકાય છે !

થાકી પાકી બિચારી રાત પડતાં માંડ માંડ અરધી ભૂખી ઊંઘે છે. આટલું આટલું કામ છતાં પેટ ભરીને ધાન તો કોઈ આપે જ નહિ. અરેરે, ભગવાન ! કોઈને આવું દુઃખ દઈશ ના.

અને ગાલીચે ફરનાર ને રેશમી પલંગે સૂનાર રોહિતનું શું થયું ? બિચારો બ્રાહ્મણના છોકરા ભેગો લંગોટી પહેરીને ભટકે છે; ને વાડીઓમાંથી ફૂલ આણે છે, ફળ આણે છે ને બાર ઉપર બે વાગે ભૂખ્યોતરસ્યો ઘેર આવે

છે. સોનાને થાળે નવી નવી મીઠાઈઓ તેને હવે કોણ પીરસે? એને માટે ટાઢો રોટલો ને મીઠું હતું. કાલકૌશિકની સ્ત્રી ભારે લોભી હતી. અયોધ્યાની રાણી આજે કાશીનગરમાં દાસી છે; અયોધ્યાનો રાજપુત્ર આજે કૌશિક બ્રાહ્મણનો દાસ છે!

ને રાજા હરિશ્ચંદ્રનું પેલા ચાંડાળને ઘેર શું થયું?

હરિશ્ચંદ્ર ચાંડાળનો દાસ છે. જે સોંપે તે કરે છે. ખડે પગે ઊભો છે. જી કહીને દોડે છે. આજે એ રાજા નથી. વીરબાહુ ચાંડાળનો એ નોકર છે. હજાર નોકરોનો ધણી આજે નોકરનો યે નોકર છે!

અને એ શું કરે છે?

દાટવા અને બાળવા આણેલાં મડદાંઓના કર લે છે: એક પૈસો અને પવાલું ખીચડી; ન આપે તેને રોકે છે.

ગામડાના ભંગીઓની પાછળ ફરે છે ને શેરીએ શેરીએ વળાવે છે. ગંદકી માત્ર કઢાવે છે.

અને બીજું શું કરે છે?

ગુનેગારોને ગરદન મારે છે; રાજા હરિશ્ચંદ્રનું કામ જલ્લાદનું છે!

અને એ ક્યાં રહે છે?

સ્મશાન પાસે એક કોટડી છે. ગંદી છે, અંધારી છે, આસપાસ ઢોરોનાં ચામડાં પડેલાં છે, હાડકાંના ઢગલા છે, ગંદકીનો પાર નથી; ત્યાં એ રહે છે. રાજમહેલનો રહેનારો, બાગબગીચામાં ફરનારો, આજ સ્મશાનમાં રહે છે.

અને છતાં રાજા હરિશ્ચંદ્ર કચવાય છે? કામ કરતાં અટકે છે? કામમાં ઢીલ કરે છે? ના ના; એનો ચહેરો હસતો છે; ઝટ ઊઠીને એ કામ કરે છે.

રાજારાણી આ પ્રમાણે રહ્યાં છે; રાતદિવસ ગાળે છે, ને દુઃખને સુખ કરી રહે છે.

: ૧૦ :

"હાય હાય! હજી હરિશ્ચંદ્ર હજી સુખી છે? હજી તારામતી હસે છે?" વિશ્વામિત્રથી કેમ રહેવાય? દુઃખના હજી ડુંગર ઉતારશે.

---

જલ્લાદ=માણસને ઠાર મારનારો

તક્ષક નાગને બોલાવ્યો ને વિશ્વામિત્રે કહી દીધું : "જાઓ ફૂલ વીણતા રોહિતને ડસો અને એના પ્રાણ લ્યો."

તક્ષક ફૂલવાડીમાં પહોંચી ગયો.

માની આજ્ઞા લઈ માને પગે લાગી રોહિત બાગમાં આવ્યો છે. તડકે ગાલ બળે છે; મોં ઉપર પરસેવો છે. લંબાઈ લંબાઈને ફૂલો તોડે છે. પણ ત્યાં તો "ઓ સાપ કરડ્યો રે!" કહી ભસ દઈને હેઠે પડે છે ને બેભાન થાય છે.

"દોડો રે દોડો! બિચારાને સાપ કરડ્યો!" બ્રાહ્મણના છોકરા ઘેર આવ્યા ને જાહેર કર્યું: તારામતી પડી ગઈ: ચક્કર આવ્યાં ને પડી ગઈ. "ઓ રોહિત, પ્યારા રોહિત!"

પણ રોહિત પાસે એને જવા કોણ દે? શેઠાણીએ કહી દીધું : "સાંજે જજે. કામ-કાજ પૂરું કરીને જ જજે. અહીં છોકરા માટે નથી આવી, કામ માટે વેચાઈ છે!"

હાય! પહાડો ફાટી જાય, આભ તૂટી પડે, ધરતી ધ્રુણે, એવું એ વેણ! પણ તારામતી દાસી હતી; દાસીનો એનો ધર્મ હતો.

ઢસડાતે પગે કામ કર્યું; ભાંગતે હૈયે કામ કર્યું. સાંજ પડી ને વાડીએ ગઈ.

અરેરે! રોહિતને તો સાપ ડસ્યો છે. અરેરે! એના પ્રાણ નીકળી ગયા છે. "રોહિત, પ્યારા રોહિત! માને મૂકી ક્યાં ગયો? રોહિત, બેટા રોહિત! એક વાર તો બોલ? એક વાર તો ઊઠ! માને બચી તો દે?"

પણ રોહિત એમ ક્યાંથી બોલે? સાપનું એને ઝેર ચડયું હતું. અને હવે? હવે તારામતી ક્યાં જાય? શું કરે? કોને બોલાવે? અરેરે, રાજરાણીની આ દશા?

બે હાથમાં રોહિતનું શબ છે ને તારામતી સ્મશાન ભણી જાય છે. આકાશ ઝાંખું પડયું છે; તારાતેજ હીણું થયું છે. ચારે દિશા આજે ઝાંખી ઝાંખી છે. તારામતી ઉપર આજે દુઃખના ડુંગર ઢળ્યા છે.

ભયંકર સ્મશાન! ઘુવડો ઘૂઘવે છે ને ચીબરી ચબચબે છે. કેવળ અંધકાર! જાળાં ને ઝાંખરાંમાં શેળા અને સાપ આંટા મારે છે;

---

શબ=મડદું          હીણું=ઓછું ઊતરતું

શિયાળ લાળી કરે છે, વચ્ચે વચ્ચે ભયંકર સુસવાટા ને ત્રાડો પણ સંભળાય છે.

તારામતી એકલી છે; ખોળામાં રોહિતનું શબ છે. અરે! વહાલા પુત્રને હાથે કરી કેમ દટાય? તારામતી રડી રહી છે; શરીર આખું ભીંજાઈ રહ્યું છે. રાજાની રાણી આજે ક્યાં છે?

"કોણ છે ત્યાં, અત્યારે કાળી રાત્રે? દાણની ચોરી કરવા છુપાઈને ત્યાં કોણ બેઠું છે?" રાજા હરિશ્ચંદ્ર ચોકી કરવા નીકળ્યા હતા કે રાત્રે કોઈ છાનું મડદું દાટી ન જાય.

"અરેરે! આ એક દુખણી સ્ત્રી છે. ભલા તમને ભગવાને મોકલ્યા. અરે, તમે દેવ છો? બેઠો કરો ને ભગવાન, આ મારા એકના એક દીકરાને? આજે એને સાપ કરડયો છે. દયા કરો, દયા કરો!"

"બાપુ! હું દેવ નથી, હું તો માણસ છું. વીરબાહુનો હું દાસ છું. મારું નામ વિરાધ. કેમ કરી હું તારા દીકરાને બચાવું? અરેરે, મને તારી દયા આવે છે પણ મારાથી શું થાય? બાપુ! રડવાનું છોડી દે. એમાં હવે

જીવ નથી. હવે એ મડદું છે. બાપુ ! લાવ મારું દાપું ને દાટી જા તારા દીકરાને. ”

અરેરે ! કેવી પ્રભુની લીલા !

સ્મશાને, ભયંકર કાળરાત્રે રાજા હરિશ્ચંદ્ર ને તારામતી ! કોઈ કોઈને ઓળખે નહિ, અને પ્યારો પુત્ર રોહિત તો મરેલો છે !

“ હે ભગવાન ! પણ દાપું તો હું ક્યાંથી આપું ? મારી પાસે કંઈ નથી. એક ફૂટી બદામ પણ નથી. મારું મારે કાંઈ નથી. અરે ઓ દયાળુ ! દયા કરીને મને માફ કર. આ દીકરાને દાટવા દે. ”

“ માફ કર, ઓ બાઈ ! દાપું લેવું ને રજા આપવી એટલું જ મારું કામ. હું તો વીર-બાહુનો દાસ છું. જેવો શેઠનો હુકમ. પણ બાઈ ! તું શા માટે કકળે છે ? તારા ગળામાં મંગળસૂત્ર છે. શા માટે વેચતી નથી ? એમાંથી દાપું દેવાઈ જશે. જા, બાપુ ! ઝટ કર અને મંગળસૂત્ર વેચી લાવ. ”

“ મંગળસૂત્ર ? અને મારા ગળામાં એ

---

મંગળસૂત્ર=સ્ત્રીનું સૌભાગ્યચિહ્ન

ભાળે છે? રાજા હરિશ્ચંદ્ર વિના બીજો કોણ ભાળે? એ જ માત્ર ભાળી શકે એવું દેવોનું વરદાન છે. નક્કી આ હરિશ્ચંદ્ર છે. ઓ મારા હરિશ્ચંદ્ર!"

"ઓ મારી તારામતી!"

"ઓ રોહિત! આપણા પ્યારા રોહિતને સાપ કરડ્યો છે."

"અરેરે! પ્યારા રોહિતને સાપ કરડ્યો?"

"રોહિત, રોહિત! પ્યારા રોહિત!"

રાજા અને રાણી રડે છે. રાત્રિ રડે છે, ઝાડો રડે છે, સ્મશાન રડે છે, તારા અને અંધારું રડે છે, આખું જગત રડે છે.

"તારામતી! જા અને મંગળસૂત્ર વેચી લાવ. એ જ ઉપાય છે. દાપા વિના મારાથી રજા નહિ અપાય. મારો ધર્મ બીજો નથી."

અરધી રાતે તારામતી મંગળસૂત્ર વેચવા ચાલી. અરધી રાતે હરિશ્ચંદ્ર રોહિતના શબને સાચવવા બેઠો.

ધન્ય છે સત્યવીર હરિશ્ચંદ્રને! ધન્ય છે સત્યવીરાંગના તારામતીને!

: ૧૧ :

પણ હજી વિશ્વામિત્ર પલળ્યો છે ? એની આંખે આંસુ છે? એને દયા આવી છે?

ના ના. હજી એ તો તાવે છે; દુષ્ટ થઈને તાવે છે.

કાશીમાં એક ખાતર પડ્યું. ચોરે નગરશેઠના દીકરાની ચોરી કરી : હીરા, માણેક ને મોતીને માટે.

વિશ્વામિત્રને લાગ મળ્યો. ચોરને એણે સાધી લીધો. દીકરાને સંતાડી દીધો ને ચોરને બધું શિખવાડ્યું.

" અને આ બાઈ ! અધરાતે ક્યાં ચાલી ?"

" ભાઈ ! આ મંગળસૂત્ર વેચવા. દીકરાને દાટવો છે તે દાપું જોઈએ છે."

" શા માટે વેચે છે ? લે આ થોડા પૈસા; કાલે મને પાછા આપજે. ને જો, આ પોટલી છે તે સાચવજે." ચોરે ચોરીનો માલ તારામતીને આપી દીધો.

તારામતી ચોર ઠરશે; નગરશેઠના દીક-

રાની ખૂની ઠરશે; મૃત્યુને મોઢે જઈ પડશે; ને હરિશ્ચંદ્ર એને ગરદન મારશે!

જોઈએ. હજી વિશ્વામિત્ર માને છે કે?

તારામતી બિચારી પૈસા લઈને ઝટપટ સ્મશાન તરફ જતી હતી. સવાર પડવા આવી હતી. વળી પાછું નોકરીએ તો ચડવું હતું; ધર્મ તો બજાવવો જ હતો.

વિશ્વામિત્રે પોલીસને ખોટી ખબર પહોંચાડી. ચારેકોર પોલીસો છૂટ્યા.

"પકડો, પકડો એ બાઈને!"

"અરે એ જ; એ જ બાઈ ખૂની છે.',

"અરે, જુઓ ને હાથમાં હીરામોતીનું પોટકું પણ છે!"

"ક્યાં છે શેઠનો કુંવર? ક્યાં નાંખ્યો છે?"

સિપાઈઓ તારામતી ફરતા ફરી વળ્યા. દોરડે બાંધીને લઈ ચાલ્યા.

"પણ…."

"પણ ને બણ. ચોરી કરી ને ખૂન કર્યું; ચાલ હવે ન્યાયાધીશ પાસે."

અહીં હરિશ્ચંદ્ર પળે પળે તારામતીની રાહ

જુએ છે. અહીં તારામતીને પોલીસો કચેરીએ લઈ જાય છે.

ન્યાયાધીશે ન્યાય કર્યો : "લઈ જાઓ એ પાપણીને સ્મશાને ! જઈને કપાવી નાખો. ચોર, ખૂની, હત્યારી !"

દુઃખથી મૂંઝાયેલી તારામતી શું બોલે ? શું કહે ? કોને કહે ? કોણ સાંભળે ?

વગર તપાસે, વગર ગુને, શિક્ષા મળી.

: ૧૨ :

સ્મશાને હરિશ્ચંદ્ર રાહ જોઈ રહ્યો હતો. પણ અરે ! આ શું ? તારામતીને સિપાઈ-ઓએ બાંધેલી છે. મુખીના હાથમાં તેને ઠાર મારવાનો હુકમ છે.

"વિરોધ ! આ સ્ત્રીએ એક ખૂન કર્યું છે, ચોરી કરી છે. હમણા જ એને ઠાર કર; ધડથી માથું જુદું કર."

અને હરિશ્ચંદ્રે શું કર્યું ?

હરિશ્ચંદ્ર સ્તબ્ધ થઈ ગયો ! "આ મારી

તારામતી? આવું આળ? આનો મારે વધ કરવો? નિર્દોષ બિચારી તારામતી!"

અને તારામતી?

તારામતી ઊભી હતી. વધના થાંભલા પાસે ઊભી હતી. મરવા માટે ઊભી હતી. આખર ઘડી માટે તૈયાર હતી.

એને આકાશના દેવો? અને તારાઓ અને રાત્રિ? અને પવન અને ઝાડો? સમસમી ગયાં હતાં; થંભી ગયાં હતાં, હાહાકાર હતો!

"રાજન્! મા મૂંઝાઓ. ધર્મને બજાવો. હું નિર્દોષ છું, ને આળ આવ્યું છે. પણ તમે ધર્મ બજાવો. ધર્મને જ કાજે રાજ છોડયું, ધર્મને કાજે દાસ થયા. અત્યારે હવે ધર્મ ના છોડો! આખર ધર્મ આપણને તારશે."

તારામતી હરિશ્ચંદ્રને પગે પડી ફરીફરીને ફેરા ફરી; પગની ધૂળ માથે ચડાવી; રોહિતના શબને બચી લીધી ને મરવા માટે તૈયાર થઈ "હે ભગવાન! હે ત્રણ લોકના ધણી ભવોભવ હરિશ્ચંદ્ર આપજે. મારો એ રાજા ને હું એની રાણી. સદા અમે ભેગાં રહીએ. સત

માટે જીવીએ ને સતને માટે મરીએ."

હરિશ્ચંદ્ર મૂંગા મૂંગા રડી રહ્યા. આંખે આંસુ સરી પડ્યાં રાણી. સામે જોઈ રહ્યાં.

પછી કુહાડી લીધી. ધ્રૂજ્યા વિના લીધી ને તારામતીના ગળા ઉપર....

"મા! મા!" કરતા ચારેકોરથી પોકાર ઊઠ્યા: વિશ્વામિત્ર ખડા થયા; હરિશ્ચંદ્રનો હાથ પકડ્યો: "મા! મા!"

આકાશે ફૂલો ખર્યાં. મંદ મધુર વા વાયો. પૂર્વ દિશામાં સૂર્ય ઊગ્યો. આખી સૃષ્ટિ હસી રહી. ઋષિએ રોહિતનું ઝેર ઉતારી દીધું.

વિજય છે, વિજય છે! વિજય છે આજે હરિશ્ચંદ્રનો અને તારામતીનો: સત્યનો અને ધર્મનો!

તારામતી, હરિશ્ચંદ્ર અને રોહિત વિશ્વામિત્રને પગે પડ્યાં છે. વિશ્વામિત્ર આશિષ આપે છે તપ આપે છે, તેજ આપે છે.

વસિષ્ઠ અદ્ધર ચડી ફૂલો વરસાવે છે.

ધન્ય છે, ધન્ય છે! સત્યવીરને ધન્ય છે!

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... | ... સેટના | ... | ૯-૭૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... | ... ,, | ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... | ,, | ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... | ,, | ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) | ,, | ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) | ,, | ... | ૨૩-૫૦ |

| | | | |
|---|---|---|---|
| કિશોર કથાઓ ૧-૨ | ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો | ૨-૫૦ |
| રખડુ ટોળી ... | ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... | (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... | સેટના | ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... | ,, | ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, | ... | ૫-૫૦ |

| | | | |
|---|---|---|---|
| શ્રીમદ્ લોકભાગવત | ૭-૫૦ | ભાગવતકથાઓ | ૩-૦૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| સાગરસમ્રાટ ... | ૩-૦૦ | પાતાળ પ્રવેશ ... | ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ | ૪-૫૦ | ખજાનાની શોધમાં | ૨-૫૦ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ (સચિત્ર ૧૦ પુસ્તકો) ... | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૩-૫૦ |
| સાહસકથાઓ (૩૧ પુસ્તકો) ... ... | ,, | ૭૧-૨૫ |

**આર. આર. શેઠની કંપની** મુંબઈ-૨ અમદાવાદ-૧


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ